RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર


NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 07* Date: 30.10.2022, Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# આતંકવાદ માનવતા માટે સૌથી ગંભીર ખતરોઃ વિદેશ મંત્રી

## દિલ્હીમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની આતંકવાદ વિરોધી સમિતિની બેઠકને સંબોધિત કરી



નવીદિલ્હી,તા.૨૯

વિદેશ મંત્રી એસ જયશંકરે આતંકવાદને માનવતા માટે સૌથી ગંભીર ખતરો ગણાવ્યો છે. તેમણે શનિવારે દિલ્હીમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (યુએનએસસી)ની આતંકવાદ વિરોધી સમિતિની બેઠકને સંબોધિત કરતા આ વાત કહી હતી. જયશંકરે આતંકવાદી જૂથો દ્વારા નવી તકનીકીના દુરૂપયોગનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ આતંકવાદીઓ અને આતંકવાદી જૂથોની ટૂલકિટમાં પ્રભાવશાળી સાધન તરીકે ઉભરી આવ્યા છે.

જયશંકરે જણાવ્યું હતું કે, "તાજેતરના વર્ષોમાં, ખાસ કરીને ખુલ્લા અને ઉદાર સમાજમાં, આતંકવાદી જૂથો, તેમના વૈચારિક અનુયાયીઓ અને એકલા હુમલાખોરોએ આ તકનીકોની પહોંચ મેળવીને તેમની ક્ષમતાઓમાં વધારો કર્યો છે." તેઓ સ્વતંત્રતા, સહિષ્ણુતા અને પ્રગતિ પર હુમલો કરવા માટે તકનીકી, નાણાં અને સૌથી અગત્યનું ખુલ્લા સમાજની નૈતિકતાનો ઉપયોગ કરે છે. વિદેશ પ્રધાને કહ્યું કે આતંકવાદી જૂથો અને સંગઠિત ગુનાહિત નેટવર્ક દ્વારા માનવરહિત હવાઈ પ્રણાલીના ઉપયોગથી વિશ્વભરની સરકારોની ચિંતામાં વધારો થયો છે. તેમણે જણાવ્યું હતું કે, "વ્યૂહાત્મક, મૂળભૂત અને વાણિજિયક સંપત્તિઓ સામે આતંકવાદી હેતુઓ માટે સશસ્ત્ર ડ્રોનના ઉપયોગની સંભાવનાને સભ્ય દેશોના ગંભીર ધ્યાનની જરૂર છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે સંયુક્ત રાષ્ટ્રના પ્રયાસો છતાં આતંકવાદનો ખતરો વધી રહ્યો છે, ખાસ કરીને એશિયા અને આફ્રિકામાં. "સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદે છેલ્લા બે દાયકામાં આતંકવાદનો સામનો કરવા માટે મુખ્યત્વે આતંકવાદ વિરોધી પ્રતિબંધોના શાસનની આસપાસ બનાવવામાં આવેલું એક મહત્વપૂર્ણ માળખું વિકસાવ્યું છે. આતંકવાદને રાજ્ય દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતું સાહસ બનાવનારા દેશોને સાવચેત કરવા તે ખૂબ જ અસરકારક રહ્યું છે.

વિદેશ મંત્રી એસ જયશંકરે પાકિસ્તાન તરફ ઈશારો કરીને કહ્યુ કે યુએનની આતંકવાદ વિરોધી પ્રતિબંધ વ્યવસ્થા એવા દેશોને ચેતવણી આપવા માટે અસરકારક છે જેમણે આતંકવાદને રાજ્ય દ્વારા ભંડોળ પૂરુ પાડ્યુ છે. વિદેશ મંત્રીએ કહ્યુ, 'છેલ્લા બે દાયકામાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે આતંકવાદનો સામનો કરવા માટે એક મહત્વપૂર્ણ માળખુ વિકસાવ્યુ છે. જે મુખ્યત્વે આતંકવાદ વિરોધી પ્રતિબંધ વ્યવસ્થાની આસપાસ નિર્મિત મહત્વપૂર્ણ સંરચના વિકસિત કરી છે. તેમ છતાં આતંકવાદનો ખતરો સતત વધી રહ્યો છે, ખાસ કરીને એશિયા અને આફ્રિકામાં જેમ કે ૧૨૬૭ પ્રતિબંધ સમિતિના નિરીક્ષણ અહેવાલોમાં વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ખુલ્લા સમાજના લોકાચારનો ઉપયોગ આઝાદી, સહિષ્ણુતા અને પ્રગતિ પર હુમલો કરવા માટે કરવામાં આવી રહ્યો છે.'

વિદેશ મંત્રી જયશંકરે યુએન સીટીસીના સભ્યોને કહ્યુ કે, 'આતંકવાદ વિરોધી યુએનએસસીની વિશેષ બેઠક માટે દિલ્લીમાં હોવુ એ મહત્વ દર્શાવે છે કે યુએનએસસીના સભ્ય દેશો અને હિતધારકોની વિશાળ શ્રેણી આતંકવાદના આ મહત્વપૂર્ણ અને ઉભરતા પાસા પર બારીકાઈથી નજર રાખે છે.

ભારતમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની આ વિશેષ બેઠકનુ આયોજન દર્શાવે છે કે સુરક્ષા પરિષદમાં અમારા વર્તમાન કાર્યકાળ દરમિયાન આતંકવાદ ટોચની પ્રાથમિકતાઓમાંની એક બની ગયો છે.'

આતંકવાદના સંદર્ભમાં ઉભરતી ટેક્નોલોજી અને ટેક્નોલોજીના વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડતા જયશંકરે કહ્યુ કે, 'વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક્સ, એક્રિપ્ટેડ મેસેજિંગ અને બ્લોકચેન જેવી ટેક્નોલોજીઓ આતંકવાદ વિરોધી કાર્યવાહીમાં સરકારો અને નિયમનકારી સંસ્થાઓ માટે નવા પડકારો ઉભી કરે છે. આમાંની કેટલીક ટેકનિકો અને નવા નિયમનકારી વાતાવરણને જોતાં સરકારો ઉપરાંત બહારની એજન્સીઓની ભૂમિકા વધી છે. ટેક્નોલોજીનો દુરુપયોગ અને અત્યાધુનિક ટેક્નોલૉજી સરકારો અને નિયમનકારી સંસ્થાઓ માટે પડકાર બની રહી છે.'

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની આ બેઠક દિલ્હીના તાજ પેલેસમાં સવારે ૯.૩૦ થી સાંજે ૬.૩૦ વાગ્યા સુધી યોજાઈ હતી. આ દરમિયાન, સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના તમામ ૧૫ સભ્ય દેશોના રાજદૂતોએ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોના સ્મારક પર શ્રદ્ધાંજલિ આપી હતી. આજની બેઠકમાં ચીનના રાજદ્વારીઓ પણ ભાગ લેશે. પ્રથમ દિવસે યોજાયેલી બેઠકમાં વિદેશ મંત્રી એસ જયશંકરે આતંકવાદ સામે કડક વલણ દાખવ્યું હતું.

# આઝમ ખાને વિધાનસભાની રામપુર બેઠકનું સભ્ય પદ ગુમાવ્યું

## આઝમ ખાને સીએમ યોગી, પીએમ મોદી અને તત્કાલીન ડીએમને લઈને વિવાદાસ્પદ ભાષાનો ઉપયોગ કર્યો હતો.



લખનૌ,તા.૨૯

હેટ સ્પીચ કેસમાં ત્રણ વર્ષની સજાની જાહેરાત બાદ રામપુરથી સમાજવાદી પાર્ટીના ધારાસભ્ય આઝમ ખાનને વધુ એક ઝટકો લાગ્યો છે. આઝમ ખાનનું વિધાનસભાનું સભ્યપદ રદ કરી દેવામાં આવ્યું છે. સજાની જાહેરાત બાદ આઝમ ખાન માટે આ સૌથી મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે.

ફરિયાદી આકાશદાસ સક્સેનાની ફરિયાદને ધ્યાનમાં લેતા વિધાનસભા અધ્યક્ષ સતીષ મહાનાએ આ કાર્યવાહી કરી છે. આકાશ સક્સેનાએ વિધાનસભા અધ્યક્ષ સિવાય કેન્દ્રીય ચૂંટણી પંતને પણ સભ્યપદ રદ કરવાની ફરિયાદ મોકલી હતી. સ્પીકરે સભ્યપદ રદ કર્યા બાદ રામપુર વિધાનસભાનું પદ ખાલી હોવાની સૂચના પણ ચૂંટણી પંચને મોકલી દીધી છે.

નોંધનીય છે કે સપા ધારાસભ્ય અને પૂર્વ મંત્રી આઝમ ખાનને ગુરૂવારે એમપી-એમએલએ કોર્ટે હેટ સ્પીચ (ભડકાઉ ભાષણ) મામલામાં ત્રણ વર્ષની સજા ફટકારી હતી. ત્યારથી તેમનું ધારાસભ્ય પદ જવાનો ખતરો યથાવત હતો. સજાની જાહેરાત બાદ આઝમ ખાનને કોર્ટમાંથી તત્કાલ જામીન મળી ગયા હતા. ગુરૂવારે બપોરે આશરે બે કલાકે એમપીએમએલએની વિશેષ કોર્ટમાં સુનાવણી શરૂ કર્યા બાદ આઝમ ખાનને દોષી ઠેરવતા કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યા હતા. ચાર કલાકે કોર્ટે ચુકાદો આપ્યો હતો. આ દરમિયાન આઝમ ખાન કસ્ટડીમાં રહ્યાં હતા.

આઝમ વિરુદ્ધ ત્રણ કલમો હેઠળ કેસ દાખલ થયો હતો. ત્રણેય મામલામાં તેમને દોષી ઠેરવવામાં આવ્યા હતા. ૨૦૧૯ લોકસભા ચૂંટણી દરમિયાન આઝમ ખાન પર ઉડકાઉ ભાષણ આપવાનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આરોપ છે કે ભાષણ દરમિયાન આઝમ ખાને પીએમ મોદી અને મુખ્યમંત્રી યોગી પર પણ વિવાદાસ્પદ ભાષાનો ઉપયોગ કર્યો હતો.

નોંધનીય છે કે હેટ સ્પીચ સાથે જોડાયેલો આ મામલો વર્ષ ૨૦૧૯ની લોકસભા ચૂંટણી દરમિયાનનો છે. ૨૭ જુલાઈ ૨૦૧૯ના ભાજપ નેતા આકાશ સક્સેનાએ આઝમ ખાન વિરુદ્ધ કેસ દાખલ કરાવ્યો હતો. આરોપ હતો કે રામપુરની મિલક વિધાનસભા સીટ પર જનતાને સંબોધિત કરતા આઝમ ખાને એક ચૂંટણી ભાષણ આપ્યું હતું.

આ દરમિયાન આઝમ ખાને સીએમ યોગી, પીએમ મોદી અને તત્કાલીન ડીએમને લઈને વિવાદાસ્પદ ભાષાનો ઉપયોગ કર્યો હતો. ૩ વર્ષ બાદ, ૨૭ ઓક્ટોબર ૨૦૨૨ના આ મામલામાં રામપુરની એમપી-એમએલએ કોર્ટમાં સુનાવણી બાદ આઝમ ખાનને દોષી ઠેરવી દીધા અને સજાની જાહેરાત કરી છે.

# એલપીજીનો ભાવ ૪૦૦ રૂપિયા હતાં ત્યારે વડાપ્રધાન મોદી વિરોધ કરતા હતાં આજે ૧ હજાર થયો છે તો ચુપ છે : રાહુલ ગાંધી

નવીદિલ્હી,તા.૨૯

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે તેલંગાણામાં સત્તાધારી તેલંગાણા રાષ્ટ્ર સમિતિ અને ભારતીય જનતા પાર્ટી બંને એક જ સિક્કાની બે બાજુ છે અને આ બંને પક્ષો લોકતાંત્રિક મૂલ્યોની વિરુદ્ધ છે અને મની પાવરની રાજનીતિમાં સામેલ છે. દિવાળી માટે ચાર દિવસના વિરામ બાદ તેમની 'ભારત જોડો યાત્રા' ફરી શરૂ કરનાર ગાંધીએ જણાવ્યું હતું કે કેન્દ્રમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન સરકાર દ્વારા સંસદમાં રજૂ કરાયેલા બિલને ટીઆરએસએ સમર્થન આપ્યું હતું. તેમણે કહ્યું ટીઆરએસએ કેન્દ્રના ત્રણ કૃષિ કાયદાઓને સંપૂર્ણ સમર્થન આપ્યું હતું. 'નારાયણપેટ જિલ્લામાં ગુનામુક્લા, મારિકલ ખાતે એક સભાને સંબોધતા, ગાંધીએ દાવો કર્યો હતો કે કોંગ્રેસ વિધાનસભામાં કાયદા વિરુદ્ધ ઠરાવ લાવી હતી, પરંતુ ટીઆરએસએ તેનું સમર્થન કર્યું ન હતું. તેમણે કહ્યું, 'હું અહીં સ્પષ્ટપણે કહેવા માંગુ છું કે, અમારા માટે ભાજપ અને ્ઈજી એક જ છે. તેઓ એક જ સિક્કાની બે બાજુઓ છે. તેઓ સાથે મળીને કામ કરે છે. તમારે આને સમજવાની જરૂર છે. તેઓ એકબીજાને ટેકો આપે છે. દિલ્હીમા ટીઆરએસ તેમને સમર્થન આપે છે અને ભાજપ તેલંગાણામાં આ પાર્ટીને સમર્થન આપે છે. ટીઆરએસ સરકારને કદાચ દેશની 'સૌથી ભ્રષ્ટ સરકાર' ગણાવતા રાહુલે ૧૫,૦૦૦ કરોડ રૂપિયાના કથિત 'મિયાપુર જમીન કૌભાંડ' અને તેલંગાણાની કાલેશ્વરમ સિંચાઈ યોજનાની વાત કરી હતી.રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે ટીઆરએસ અને ભાજપ રાજકીય પક્ષો નથી પરંતુ વેપારી સંસ્થાઓ છે, જેનો હેતુ લોકો માટે કામ કર્યા વિના 'સરકારી પૈસા લૂંટવાનો' છે. તેમણે દેશની અર્થવ્યવસ્થાની કરોડરજ્જુને તોડવા માટે પીએમ મોદીની સરકારના નોટબંધીને પણ જવાબદાર ઠેરવી હતી. તેમણે કહ્યું કે આજે સ્થિતિ એવી છે કે દેશ અથવા તેલંગાણા રોજગાર આપવા માંગે છે, પરંતુ તે કરી શકાતું નથી. એલપીજીના ભાવ વધારા અંગે કેન્દ્ર પર પ્રહાર કરતાં પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે મોદી ફરિયાદ કરતા હતા કે, જ્યારે યુપીએ શાસન દરમિયાન એલપીજી સિલિન્ડરની કિંમત ૪૦૦ રૂપિયા હતી, પરંતુ હવે તેના વિશે એક પણ શબ્દ નથી કહેતા, જયારે કિંમત ૧,૦૦૦ રૂપિયાથી ઉપર છે.

# દિલ્હીમાં છઠ પૂજા પર દારૂની દુકાનો બંધ રહેશે, એલજીએ 'ડ્રાય ડે' જાહેર કર્યો

નવીદિલ્હી,તા.૨૯

મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પત્ર લખીને છઠ પૂજાને ડ્રાય ડે તરીકે જાહેર કરવાની માંગ કરવામાં આવી હતી. તે જ સમયે, એલજી વીકે સક્સેનાએ છઠ પૂજાના દિવસે દારૂના વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે. દિલ્હી સરકાર સમગ્ર શહેરમાં પૂજા માટે લગભગ ૧,૧૦૦ ઘાટનું નિર્માણ કરી રહી છે.વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ માહિતી લેફ્ટનન્ટ ગવર્નર (એલજી) ના કાર્યાલય દ્વારા આપવામાં આવી છે. એવું કહેવામાં આવ્યું હતું કે એલજી વીકે સક્સેનાએ દિલ્હી એક્સાઈઝ એક્ટ ૨૦૦૯ની કલમ ૨ (૩૫) મુજબ છઠ પૂજા પર ડ્રાય ડે જાહેર કર્યો છે. આવી સ્થિતિમાં દિલ્હીની શરાબની દુકાનો ૩૦ ઓક્ટોબરે છઠ પૂજાના દિવસે બંધ રહેશે.તમને જણાવી દઈએ કે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પત્ર લખીને છઠ પૂજાના દિવસને ડ્રાય ડે તરીકે જાહેર કરવાની માંગ કરવામાં આવી હતી. આ માંગ ભાજપ પ્રમુખ આદેશ ગુપ્તાએ કરી છે.આવી સ્થિતિમાં એલજીના આદેશ બાદ હવે છઠ પૂજાના દિવસે દારૂની દુકાનો બંધ રહેશે. બીજી તરફ, દિલ્હીના મહેસૂલ મંત્રી કૈલાશ ગેહલોતે આઈટીઓ નજીક યમુના કિનારે હાથી ઘાટ પર છઠ મહાપર્વની તૈયારીઓની સમીક્ષા કરી હતી.આ વર્ષે છઠ મહાપર્વ ૩૦ અને ૩૧ ઓક્ટોબરે ઉજવવામાં આવશે અને આ દરમિયાન વ્રત રાખનાર મહિલાઓ અને પુરુષો કમર સુધી પાણીમાં ઉભા રહીને અસ્ત અને ઉગતા સૂર્યને અર્ઘ્ય આપે છે. આ તહેવાર મુખ્યત્વે રાષ્ટ્રીય રાજધાનીમાં રહેતા બિહાર, ઝારખંડ અને પૂર્વીય ઉત્તર પ્રદેશના લોકો દ્વારા ઉજવવામાં આવે છે.

અધિકારીઓએ જણાવ્યું કે ગેહલોતે બાકીનું કામ જલ્દી પૂરું કરવાનો નિર્દેશ આપ્યો છે. તેમજ સ્વચ્છતા, લાઈટીંગ, પાણી પુરવઠા વ્યવસ્થા વગેરેનું નિરીક્ષણ કર્યું હતું. ગેહલોતે સમીક્ષા બાદ કહ્યું કે મેં છઠ પૂજાની તૈયારીઓની સમીક્ષા કરી છે અને તમામ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સિંચાઈ અને પૂર નિયંત્રણથી લઈને દિલ્હી જળ બોર્ડ, જાહેર બાંધકામ વિભાગ, તમામ સરકારી એજન્સીઓ અને વિભાગો સંકલનમાં રહીને કામ કરી રહ્યા છે, જેથી શ્રેષ્ઠ વ્યવસ્થા કરી શકાય.

તમને જણાવી દઈએ કે બુધવારે જ દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેનાએ યમુના કિનારે નિશ્ચિત ઘાટ પર છઠ પૂજાની મંજૂરી આપી હતી.

## સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની વિશેષ બેઠકમાં

# ભારતે આતંકી સાજિદ મીરનીએ ઓડિયો ક્લિપ પણ દુનિયા સામે રજૂ કરી જેમાં તે આદેશ આપતો હતો



**૨૬/૧૧ આતંકી હુમલાનો મુખ્ય કાવતરાખોર અને તેની યોજના બનાવનારા હજુ પણ સુરક્ષિત છે અને તેમને સજા આપવામાં આવી નથી. : વિદેશ મંત્રી**

મુંબઈ,તા.૨૯

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં થયેલા આતંકી હુમલાની આગામી મહિને ૧૪મી વરસી છે. જો કે તે પહેલા મુંબઈ આતંકી હુમલા અંગે પાકિસ્તાનના સફેદ જૂઠનો એકવાર ફરીથી પર્દાફાશ થયો છે. ભારતે બેઠકમાં આંતરરાષ્ટ્રીય સમુદાય સામે મુંબઈમાં ૨૦૦૮માં થયેલા આતંકી હુમલાના પાકિસ્તાની કનેક્શનનો પણ ખુલાસો કર્યો છે. આખી દુનિયાએ આજે જોયું કે કઈ રીતે પાકિસ્તાનમાં બેઠેલા આતંકીઓના આકા મુંબઈ હુમલાનું ષડયંત્ર રચી રહ્યા હતા અને તેમને આદેશ આપીને આ હુમલાને અંજામ આપવામાં આવ્યો. આ આદેશ આપનાર બીજુ કોઈ નહીં પરંતુ સાજિદ મીર છે. આ ઉપરાંત વિદેશમંત્રી એસ જયશંકરે આતંકવાદને પહોંચી વળવા મુદ્દે સંયુક્ત રાષ્ટ્રની બેઠકમાં કહ્યું કે ૨૬/૧૧ આતંકી હુમલાનો મુખ્ય કાવતરાખોર અને તેની યોજના બનાવનારા હજુ પણ સુરક્ષિત છે અને તેમને સજા આપવામાં આવી નથી. તેમણે કહ્યું કે, જયારે કેટલાક આતંકીઓ પર પ્રતિબંધ લગાવવાની વાત આવે છે ત્યારે કેટલાક મામલાઓમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ રાજકીય કારણોસર, ખેદજનક રીતે કાર્યવાહી કરવામાં અસમર્થ રહી છે. આ અગાઉ આંતરરાષ્ટ્રીય સમુદાયના સભ્ય સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની વિશેષ બેઠક માટે હોટલ તાજ મહેલ પેલેસ પહોંચ્યા. આ દરમિયાન તેમણે હોટલમાં ૨૬/૧૧ સ્મારક પર શ્રદ્ધાંજલિ આપી. અત્રે જણાવવાનું કે ૨૦૦૮માં મુંબઈ હુમલાની ૧૪મી વરસી પહેલા ભારત શુક્રવારથી શરૂ થયેલી સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બે દિવસની આતંકવાદ વિરોધી બેઠકની મેજબાની કરી રહ્યું છે. કાઉન્ટર ટેરરિઝમ કમિટી (સીટીસી) નવી દિલ્હીની અધ્યક્ષતામાં યુએનએસસીની પ્રમુખ બેઠક તે મુખ્ય સ્થળોમાંથી એક (મુંબઈમાં તાજ હોટલ) પર થઈ રહી છે જ્યાં આ આતંકી હુમલા થયા હતા. આતંકવાદ વિરોધી સમિતિની અનૌપચારિક બ્રિફિંગ પહેલા બોલતા જયશંકરે કહ્યું કે, આપણે બધા જાણીએ છીએ કે પૈસા આતંકવાદની જીવનદાયિની છે. આતંકવાદી સંગઠનોને પોતાના સંગઠનાત્મક કાર્યો જાળવી રાખવા અને ગતિવિધિઓને ચલાવવા માટે ધન અને સંસાધનોની જરૂર હોય છે. વાસ્તવિકતા એ છે કે આતંકવાદનું અસ્તિત્વ બનેલું છે અને તેનો વિસ્તાર એક અંતર્નિહિત સચ્ચાઈ તરફ ઈશારો કરે છે કે આતંકવાદને ઉછરવા માટે જરૂરી નાણાકીય સંસાધન મળી રહ્યા છે.

ભારતે આ બેઠકમાં એ ઓડિયો ક્લિપ સંભળાવી જેમાં પાકિસ્તાની આતંકી અને ૨૬/૧૧ નો કાવતરાખોર સાજિદ મીર ફોન પર આતંકીઓને નિર્દેશ આપી રહ્યો હતો અને કહી રહ્યો હતો કે જ્યાં પણ મૂવમેન્ટ દેખાય, જ્યાં પણ લોકો હોય ત્યાં ફાયર ઠોકો. સાજિદ મીર આ નિર્દેશ ફોન પર ચાબડ હાઉસમાં હાજર આતંકીઓને આપી રહ્યો હતો. ભારતે વિદેશમંત્રી એસ જયશંકરની હાજરીમાં આ ઓડિયો ક્લિપ આંતરરાષ્ટ્રીય સમુદાયને સંભળાવી અને પાકિસ્તાનની પોલ ખોલી.

## તંત્રી સ્થાનેથી...

# દૃઢ ઈચ્છાશકિતથી સાર્થક બની શકે સૌના ક્ષેમકુશળની ખેવના

કર્મના સિદ્ઘાંતની વાતથી ભાગ્યે જ કોઈ અજાણ હશે પરંતુ જીવનપથ પર જોવા મળતા, સહેવા પડતા અને નિરાકરણ દર્શાવવા પડે તેવા અનેક સવાલોના જવાબ અકળ છે. કારણ કે દરેક વ્યકિત પાસે પોતાનું અર્થઘટન અને અભિપ્રાય છે. પરંતુ અલગ-અલગ વિચારસરણીને બદલે આપણે સૌ એકમેકની મદદે દોડી જઈએ તો ગમે તેટલી મોટી પારિવારિક, સામાજીક સમસ્યાનો ઉકેલ શોધી શકાય છે. જે તમે મેળવી શકયા નથી તેને જ સતત યાદ કરતા રહીએ તો જે મળ્યું છે તેને માણવાની તક કદાચ વિસરી જવાશે. જેના કારણે જીવનમાં કયારેય સકારાત્મક અનુભવ નહીં થાય.

સ્વનું હિત સાધવાના બદલે સાર્વત્રિકપણે સમાજના ક્ષેમકુશળની ખેવના સેવવામાં આવે તો પોઝિટિવ વિચારધારાની મશાલ ધીમે ધીમે પ્રગટે છે. જેના થકી અભાવ અને આંતરિક મનોવ્યથાનો અંધકાર દૂર કરવાનો પ્રયાસ વાસ્તવિક સાબિત થઈ શકે છે, તેમાં કોઈ મીનમેખ નથી. પરંતુ તેના માટે જરુરી છે દૃઢ ઈચ્છાશકિત. કોઈપણ સારા કાર્યનો આરંભ સરળતાથી થયાનું ભાગ્યે જ જોવા મળે છે. પરંતુ અનેકવિધ પડકાર અને ગુંચવણ વચ્ચે સમાજમાં કાંઈક સારું કરવાની ભાવના ઝળહળતી થાય તે જ સાચો માનવ સ્વભાવ.

પવિત્ર યજ્ઞકુંડમાં આહૂતિની સાથે ઘીનું એક એક ટીપું અગ્નિને સતત પ્રજવલ્લિત રાખવામાં મુખ્ય સ્ત્રોત બની રહે છે. તે જ પ્રમાણે સમાજના હિત માટે આરંભાયેલા કાર્યમાં સ્વ ઈચ્છાશકિતથી કરવામાં આવેલ નાનામાં નાનું પર્દાપણ પણ સમયની સાથે એકજૂથ થઈને વિશાળ વટવૃક્ષ બને છે. જેની નીપજરુપે સમાજમાં નોંધનીય સદ્કાર્યનો આરંભ થાય છે અને સૌના પ્રયાસથી તે પરંપરારૂપ બની રહે છે.

આવો આપણે સૌ સાથે મળીને કોઈકના ઘરે અજવાશ પથરાય તે માટે મદદરૂપી કોડિયું બનીને, ઘી-તેલરૂપી ઈજન પૂરું પાડીને, ઝળહળતી દિવેટથી અંધકારને દૂર કરવાનો પ્રયાસ કરીએ.

કહેવાયું છે કે તારુ-મારું ભૂલીને તું 'આપણું' વિચારી તો જો, મળશે નવો રસ્તો, ડગલું તો માંડી જો... મતલબ કે સાચા અર્થમાં જરૂરતમંદો છે તેવા આપણી સાથે સમાજમાં વસનારાઓ માટે કાંઈક કરવાની ભાવના જગાડવા માટે આપણે સંકુચિતતાના પરિઘમાંથી બહાર આવવાની મક્કમતા કેળવવી પડે.

# ૭ વર્ષની હૃદયની તકલીફ અને ૭ આંકડાના ખર્ચમાંથી મુક્તિ

**ખેતમજૂર દર્દીનું નજીવા ખર્ચે સરકારી હોસ્પિટલમાં હૃદય પ્રત્યારોપણ**
**ખાનગી હોસ્પિટલમાં આશરે ૨૫થી ૩૦ લાખના ખર્ચે થતું હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સિવિલ મેડિસિટીની યુ.એન.મહેતા હોસ્પિટલમાં તદ્દન નજીવા દરે કરવામાં આવ્યું**
**સાત વર્ષથી હૃદયની ગંભીર તકલીફમાંથી પસાર થઇ રહેલા ૨૯ વર્ષના યુવકને ખેડાના બ્રેઇનડેડ ૪૦ વર્ષીય રાજુભાઇ ડાભીનું હૃદય અંગદાનમાં મળ્યું**
**સિવિલ હોસ્પિટલમાં એક જ વર્ષમાં ૨૫ હૃદયનું દાન મળ્યું**

ખેતમજૂરી કરતા વ્યક્તિનું હૃદય બંધ થવાની કગાર પર હતું, હૃદયને ધબકતું રાખવા સાત વર્ષથી સંઘર્ષ કરતા આ વ્યક્તિને અનેક વખત હોસ્પિટલમાં દાખલ થવું પડ્યું. શ્વાસ રૂંધાવો, વારંવાર બેચેની થવી જેવી સમસ્યાઓ જીવનનો નિત્યક્રમ બની ગઇ હોય... આવી સમસ્યામાંથી પસાર થતો ગરીબ વ્યક્તિ પ્રભુને ફક્ત આટલી જ પ્રાર્થના કરે : "પ્રભુ મને તારા શરણોમાં લઇ લે"

હૃદયની અતિગંભીર સમસ્યા કે જેમાં પ્રત્યારોપણ જ એક માત્ર વિકલ્પ હોય. આ પ્રત્યારોપણની સારવાર ગરીબ પરીવાર માટે તો સ્વપ્ન સમી જ હતી..

ભાવનગરના ડોડિયા પરિવારનો ૨૯ વર્ષનો દીકરો આ તમામ સમસ્યામાંથી સાત વર્ષથી પસાર થઇ રહ્યો હતો અને વધું જીવવાની આશા ગુમાવી ચૂક્યો હતો. ત્યાં એકાએક ગઇ કાલે તેને સિવિલ હોસ્પિટલમાંથી ૪૦ વર્ષના રાજુભાઇ ડાભીનું હૃદય અંગદાનમાં મળ્યું.

યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ ૨૯ વર્ષીય યુવક દર્દીમાં આ અંગદાનમાં મળેલા હૃદયને પ્રત્યારોપણ કરવામાં આવ્યું. પ્રત્યારોપણ સફળ રહ્યું અને યુવકને નવજીવન મળ્યું.

અત્યાર સુધી સમાજમાં એવી માનસિકતા હતી કે માલેતુજાર લોકોની પીડા દૂર કરવા માટે જ હૃદય પ્રત્યારોપણ છે. ખાનગી હોસ્પિટલમાં આશરે ૨૫થી ૩૦ લાખની માતબર રકમના ખર્ચે થતું હૃદય ટ્રાન્સપ્લાન્ટ ધનિક લોકો જ કરાવી શકતા હોય છે.

પરંતુ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલના સક્ષમ માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા સંચાલિત સિવિલ મેડિસિટીની યુ.એન. મહેતા હોસ્પિટલમાં હૃદયના પ્રત્યારોપણ જેવા મોટા ઑપરેશન પણ શક્ય બન્યા છે.

સિવિલ મેડિસિટીમાં હૃદયનું પ્રત્યારોપણ શરૂ થતા રાજ્યના હજારો ગરીબ પરિવારો કે જેમાંથી કેટલાક દર્દીઓને હૃદયની ગંભીર




સમસ્યા હોય, જેમના માટે હૃદયના પ્રત્યારોપણ સિવાય અન્ય કોઇ વિકલ્પ ન હોય, તેવા દર્દીઓ માટે તો આશાનો સૂરજ ઉગ્યો છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ગઇ કાલે ૯૪મું અંગદાન થયું. ખેડા જિલ્લાના ૪૨ વર્ષીય રાજુભાઇ ડાભીને માથાના ભાગમાં ગંભીર ઈજા થતાં સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લાવવામાં આવ્યા હતા. ગંભીર આંતરિક ઈજાઓને લીધે તેઓ બ્રેઇનડેડ થયા હતા. તેમના પરિવારજનોએ રાજુભાઇનાં અંગોના દાન થકી અન્ય જરૂરિયાતમંદને નવજીવન આપવાનો હૃદયસ્પર્શી નિર્ણય કર્યો હતો. બ્રેઇનડેડ રાજુભાઇના અંગદાનમાં હૃદયનું દાન મળ્યું. જેણે સિવિલ મેડિસિટીની જ યુ.એન. મહેતા હોસ્પિટલમાં દાખલ ભાવનગરના ૨૯ વર્ષીય યુવકમાં સફળતાપૂર્ણ પ્રત્યારોપણ કરવામાં આવ્યું છે.

જે દર્દીમાં હૃદય પ્રત્યારોપણ કરવામાં આવ્યું, તે દર્દીને ૭ વર્ષથી DCMP નામની હૃદય સંબંધિત ગંભીર બીમારી હતી. જેના કારણે તેમને વારંવાર શ્વાસ ચઢવો, બેચેની થવી, ભૂખ ન લાગવી, ઉબકા આવવા, ખાંસી આવવી જેવી તકલીફોનો સામનો કરવો પડતો હતો. ખેતમજૂરી કરીને જીવન ગુજરાન ચલાવતા આ યુવકના પરિવાર માટે હૃદયનું પ્રત્યારોપણ અશક્ય હતું. પરંતુ રાજ્ય સરકાર સંચાલિત યુ.એન. મહેતા હોસ્પિટલમાં યુવકનું હૃદય પ્રત્યારોપણ થયું.

તબીબોના મતે હાલ પ્રત્યારોપણ બાદ દર્દીની હાલત સ્થિર છે. અને થોડા જ દિવસોમાં હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવશે.

અત્રે નોંધનીય વાત એ છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જોયેલા મેડિસિટીના સ્વપ્નના ફળ આજે મળતા થયાં છે. જેના પરિણામે એક જ કેમ્પસમાં ૧૦૦ મીટરથી પણ ઓછા અંતરે અંગદાન અને પ્રત્યારોપણ શક્ય બન્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે સિવિલ હોસ્પિટલમાં થયેલ ૯૪ અંગદાનમાંથી અત્યાર સુધીમાં એક વર્ષમાં ૨૫ હૃદયનું દાન મળ્યું છે.

-અમિતસિંહ ચૌહાણ

# રાશન આપીને ૪૦૦ લોકોને ધર્મ પરિવર્તન કરાવ્યું, ૯ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

મેરઠ,તા.૨૯

મેરઠના બ્રહ્મપુરી પોલીસ ચોકીમાંથી ૪૦૦ લોકોના ધર્મ પરિવર્તનનો મામલો સામે આવ્યો છે. તેને ધ્યાનમાં લેતા એસએસપી મેરઠ રોહિત સાજવાને તાત્કાલિક ફરિયાદ નોંધીને આદેશ જાહેર કર્યા હતા. મોડી સાંજે શુક્રવારે ફરિયાદ નોંધાવામાં આવી. આ મામલો ત્યારે ખુલ્યો જ્યારે દિવાળી પર પૂજા કરી રહેલા અમુક લોકો સાથે મારપીટ કરવામાં આવી હતી. આ દરમિયાન હુમલાખોરોએ હિન્દુ દેવી દેવકાઓની પૂજા કરવાની ના પાડી હતી, હાલમાં ૯ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધી લેવામાં આવી છે.

હકીકતમાં જોઈએ તો, મેરઠના બ્રહ્મપુરી પોલીસ ચોકીના માધવપુરમમાં એક ગરીબ વસ્તી છે, જ્યાં લગભગ ૪૦૦ લોકો રહે છે. એ લોકોને લોકડાઉનના સમયે ઈસાઈ સમુદાયે રાશન પુરુ પાડ્યું હતું. આરોપ છે કે, આ ૪૦૦ લોકોને રાશનની લાલચ આપીને ઈસાઈ સમુદાયે ધર્મ પરિવર્તન કરાવ્યું. તો વળી ૨ વર્ષ બાદ તેમાંથી અમુક લોકોએ દિવાળીના અવસર પર હિન્દુ દેવી દેવતાઓની પૂજા કરી તો, ત્યા પહોંચીને અમુક લોકોએ તેમની સાથે મારપીટ કરી અને હિન્દુ દેવી દેવતાની પૂજા કરવાની ના પાડી દીધી હતી.

તો વળી જ્યારે આ મામલો હિન્દુ સમુદાય સુધી પહોંચ્યો તો, તેમણે પીડિતા સાથે એસએસપી રોહિત સિંહ સાજવાન પાસે વિનંતી કરી અને ભલામણ કરી ફરિયાદ નોંધાવી. શુક્રવાર મોડી સાંજે ૯ લોકો વિરુદ્ધ નામજોગ ફરિયાદ નોંધાવી.

# કારતક મહિનાની દેવઉઠી અગિયારસથી લગ્નના શુભ મુહૂર્ત શરુ થશે

અમદાવાદ,તા.૨૯

હાલ કરતક મહિનો ચાલી રહ્યો છે. કારતક મહિનાની અગિયારસના દિવસે ભગવાન વિષ્ણુ ચાર મહિના પછી યોગનિંદ્રામાંથી જાગે છે. ભગવાન વિષ્ણુના જગ્યા પછી લગ્ન-વિવાહ સહીત તમામ શુભ કાર્યોનો સિલસિલો શરુ થઇ જાય છે. એ ઉપરાંત કારતક માસની અગિયારસને દેવઉઠી અગિયાર કહેવાય છે. આ દિવસથી શુભ અને માંગલિક કાર્યનો પ્રારંભ થાય છે. આ સાથે દેવઉઠી અગિયારસ ૦૪ નવેમ્બર શુક્રવારે છે. દેવઉઠી અગિયારસના બીજા દિવસે તુલસી વિવાહ મનાવવામાં આવે છે. આ વર્ષે તુલસી વિવાહ ૦૫ નવેમ્બર શનિવારે છે. આઓ જાણીએ નવેમ્બર ૨૦૨૨ના શુભ મુહૂર્ત અંગે.

**દેવઉઠી અગિયાર પર નથી લગ્ન મુહૂર્ત**

સામાન્ય રીતે દેવઉઠી અગિયારના દિવસે લગ્ન માટે શુભ મુહૂર્ત હોય છે. હિન્દુ કેલેન્ડર મુજબ, આ વર્ષે દેવઉઠી અગિયાર ૦૪ નવેમ્બર ૨૦૨૨ના રોજ છે. આ દેવઉઠી અગિયાર પર લગ્ન માટે શુભ મુહૂર્ત નથી. વાસ્તવમાં આ દિવસે સૂર્યની સ્થિતિ લગ્ન માટે સારી નથી. જ્યોતિષ શાસ્ત્રના જાણકારો અનુસાર આ દિવસે સૂર્ય વૃશ્ચિક રાશિમાં રહેશે નહીં. તેથી, દેવઉઠી અગિયારના દિવસે લગ્ન થશે નહીં.

**લગ્નનું મુહૂર્ત નવેમ્બર ૨૦૨૨**

૨૧ નવેમ્બર ૨૦૨૨, સોમવાર
૨૪ નવેમ્બર ૨૦૨૨, ગુરુવાર
૨૫ નવેમ્બર ૨૦૨૨, શુક્રવાર
૨૭ નવેમ્બર ૨૦૨૨, રવિવાર

**લગ્ન મુહૂર્ત, ડિસેમ્બર ૨૦૨૨**

૨ ડિસેમ્બર ૨૦૨૨, શુક્રવાર
૭ ડિસેમ્બર ૨૦૨૨, બુધવાર
૮ ડિસેમ્બર ૨૦૨૨, ગુરુવાર
૯ ડિસેમ્બર ૨૦૨૨, શુક્રવાર
૧૪ ડિસેમ્બર ૨૦૨૨, બુધવાર

**દેવઉઠી અગિયારસ પર કરવામાં આવે છે શુભ કાર્ય**

કારતક માસના શુક્લ પક્ષની એકાદશીને દેવઉઠી, પ્રબોધની અથવા દેવોત્થાન અગિયારસ કહેવામાં આવે છે. આ પહેલા અષાઢ શુક્લ પક્ષની એકાદશીને દેવશયની એકાદશી કહેવાય છે. આ દિવસથી ભગવાન વિષ્ણુ આગામી ચાર મહિના સુધી યોગ નિદ્રામાં જાય છે. ત્યારબાદ કારતક શુક્લ પક્ષની એકાદશીના દિવસે ભગવાન વિષ્ણુ જાગે છે.

# રાજભવન, મહારાષ્ટ્ર ખાતે અહિંસા વિશ્વ ભારતીના સ્થાપના દિવસ પર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન

**રાજ્યપાલ શ્રી કોશ્યારીજી , કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલજી , મુખ્યમંત્રી શિંદેજી તેનું ઉદ્ઘાટન કરશે**
**માનવતાવાદી કાર્ય માટે સંતો અને સામાજિક સંસ્થાઓનું સન્માન કરવામાં આવશે - આચાર્ય લોકેશજી**

અહિંસા વિશ્વ ભારતી અને વર્લ્ડ પીસ સેન્ટરના સ્થાપના દિવસ નિમિત્તે મહારાષ્ટ્રમાં રાજભવન ખાતે "રાષ્ટ્ર નિર્માણમાં સંતો અને સામાજિક સંસ્થાઓનું યોગદાન" વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન ૦૬ નવેમ્બર, ૨૦૨૨ને રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે કરવામાં આવ્યું છે. જેનું ઉદ્ઘાટન મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીજી કરશે.

કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલજી અને મુખ્યમંત્રી એકનાથ શિંદેજી , ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યજી વિશેષ અતિથિ તરીકે સમારોહને સંબોધશે. રાષ્ટ્રીય પરિસંવાદમાં, શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુરના સ્થાપક ગુરુદેવ શ્રી રાકેશજી, જૈનોની સૌથી શક્તિશાળી સંસ્થા "જીતો" અને સંજય ઘોરવત ફાઉન્ડેશનને નોંધપાત્ર માનવતાવાદી કાર્ય માટે અહિંસા વિશ્વ ભારતીના પ્રતિષ્ઠિત "અહિંસા આંતરરાષ્ટ્રીય પુરસ્કાર"થી સન્માનિત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વશાંતિ કેન્દ્ર નામની સંસ્થા પ્રસિદ્ધ ચિંતક, લેખક અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત જૈનાચાર્ય ડૉ. લોકેશજી દ્વારા સ્થાપિત સંસ્થા, રાષ્ટ્રીય ચારિત્ર નિર્માણ, સન્માનીય મૂલ્યોના ઉત્થાન અને પ્રચાર માટે લાંબા સમયથી સતત કાર્ય કરી રહી છે.



સમાજમાં અહિંસા, શાંતિ, સૌહાર્દના પ્રયાસો થઈ રહ્યા છે.સંસ્થા સ્ત્રી ભ્રૂણ હત્યા, માદક દ્રવ્યોના દુરુપયોગ અને પર્યાવરણીય પ્રદૂષણ સામે અભિયાન સફળતાપૂર્વક ચલાવી રહી છે. તેમના દ્વારા ભારતના પ્રથમ વિશ્વ શાંતિ કેન્દ્રનું નિર્માણ તાજેતરમાં ગુરુગ્રામમાં શરૂ થયું છે. સ્વાગત સમિતિના સભ્યો ગણપત કોઠારીજી , કિશોર જૈનજી , રાકેશ ચોપરાજી , લીના ચોપરાજી , રાકેશ નાહરજી , વિમલ જૈનજી , પ્રકાશ ચોપરાજી એ જણાવ્યું કે પૂજ્ય આચાર્ય ડૉ. લોકેશજી, ગુરુદેવ શ્રી રાકેશજી સહિત દેશના વિવિધ ભાગોમાંથી પ્રતિષ્ઠિત મહાનુભાવો નવેમ્બર ૫, શનિવારનાં રોજ મુંબઈ પહોંચશે. અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્રના સ્થાપક આચાર્ય ડો.લોકેશજીએ જણાવ્યું હતું કે, સંતો, મહાત્માઓ અને સામાજિક સંસ્થાઓએ હંમેશા રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને નિર્માણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમણે કહ્યું કે, આવા માનવતાવાદી કાર્ય માટે સમર્પિત સંતો અને સામાજિક સંસ્થાઓને આ પ્રસંગે 'અહિંસા ઈન્ટરનેશનલ એવોડ' થી સન્માનિત કરવામાં આવશે.

## ગાંધીનગર જિલ્લા સંઘ આયોજિત દૂધ મંડળીઓના ચેરમેન શ્રી મંત્રીશ્રીઓ અને મધુર પરિવારના કર્મચારી સ્ત્રીઓનો "મધુર સ્નેહ મિલન" કાર્યક્રમ યોજવામાં આવ્યો



ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ મધુ ડેરી ગાંધીનગર દ્વારા ગાંધીનગર જિલ્લા સંઘ આયોજિત દૂધ મંડળીઓના ચેરમેન શ્રી મંત્રીશ્રી તથા મધુર પરિવારના કર્મચારીશ્રીઓનો મધુર સ્નેહ મિલન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ સ્નેહમિલન કાર્યક્રમ સંસ્થાના ચેરમેન શ્રી ડોક્ટર શંકરસિંહ રાણા સાહેબના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો .આ કાર્યક્રમમાં નિયામક મંડળના સભ્યશ્રીઓ, સંઘ આયોજિત દૂધ મંડળીઓના ચેરમેન શ્રી, મંત્રીશ્રી મધુડેરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી રોહિતકુમાર મહેતા તથા મધુર પરિવારના અધિકારી કર્મચારી શ્રી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પધારેલ સર્વેને સંસ્થાના ચેરમેન શ્રી ડોક્ટર શંકરસિંહ રાણા સાહેબે એકબીજાને નુતન વર્ષના અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી વધુમાં દીઘર્દ્રષ્ટા એવા મધુ ડેરીના ચેરમેન શ્રી શંકરસિંહ રાણા સાહેબે તેમની આગવી શૈલીમાં મધુર ડેરીની શરૂઆતથી લઈને આજ દિન સુધીની ક્રમશ પ્રગતિથી માહિતગાર કર્યા હતા . અને દૂધ સંઘ વધુને વધુ આગળ પ્રગતિ કરે પશુપાલકો ની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બને તેવી આશા વ્યક્ત કરી હતી સંસ્થાને મેનેજિંગ ડિરેક્ટર સાહેબે પણ કાર્યક્રમમાં હાજર રહી સર્વેને નુતન વર્ષની અભિનંદન પાઠવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંસ્થાના જનરલ મેનેજર હંસાબેન પટેલે કર્યું હતું અને સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. ત્યારબાદ આ કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવ્યો હતો.

# 'મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલય' વતી આંતરરાષ્ટ્રીય વેબિનારમાં શોધનિબંધ પ્રસ્તુત !

**મંદિરમાં પ્રસ્તુત કરેલું સંગીત અને નૃત્ય આધ્યાત્મિક પ્રગતિને ચાલના આપે છે ! - સંશોધનનો નિષ્કર્ષ**

પ્રાચીન કાળમાં મંદિરોમાં દેવતાઓ સમક્ષ કલાકારોએ કલા પ્રસ્તુત કરતી સમયે ભક્તોને ભાવ ની અનુભૂતિ આવતી હતી અને તે તે દેવતાનું તત્ત્વ મોટા પ્રમાણમાં ત્યાં આકર્ષિત થતું હતું. એટલે જ ભારતીય મંદિરો એ સંપૂર્ણ સમાજની આધ્યાત્મિક પ્રગતિના અને કલ્યાણના સાધન હતા. મંદિરોમાં પ્રસ્તુત કરેલું સંગીત અને નૃત્ય આધ્યાત્મિક પ્રગતિને ગતિ આપી શકે છે', એવું સંશોધન દ્વારા કાઢવામાં આવેલું નિષ્કર્ષ મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલયના શ્રી. શૉન ક્લાર્કે કર્યું. પ્રસિદ્ધ ઇંડોલૉજિસ્ટ અને નવી દેહલી સ્થિત ભારતીય વિદ્યા ભવનના 'કે.એમ. મુન્શી સેંટર'ના ડીન ડૉ. શશી બાલાએ આયોજિત કરેલા આંતરરાષ્ટ્રીય ઑનલાઈન કાર્યક્રમમાં (વેબિનારમાં) તેઓ બોલી રહ્યા હતા. 'ભારતીય



શાસ્ત્રીય સંગીત અને નૃત્યની ઉત્પત્તિમાં ભારતીય મંદિરોનું મહત્ત્વ' આ વિષય પરનો શોધનિબંધ શ્રી. શૉન ક્લાર્ક અને સૌ. શ્વેતા ક્લાર્કે ઑનલાઈન પ્રસ્તુત કર્યો. મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલયના સંસ્થાપક સચ્ચિદાનંદ પરબ્રહ્મ ડૉ. જયંત આઠવલેજી આ શોધનિબંધના લેખક છે, જ્યારે શ્રી. શૉન ક્લાર્ક સહલેખક છે. શ્રી. શૉન ક્લાક ઉમેર્યું કે, એક કસોટીમાં મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલયના સંગીત અને નૃત્ય વિભાગના સાધકોએ એક પ્રાચીન શિવમંદિરમાં ભારતીય શાસ્ત્રીય નૃત્ય પ્રસ્તુત કર્યું. 'યુનિવર્સલ ઑરા સ્કેનર (યુ.એ.એસ.)'નો ઉપયોગ કરીને કલાકાર, શિવલિંગ અને ભગવાન શિવજીની પ્રતિમાંનું પ્રભામંડળ માપવામાં આવ્યું. કાર્યક્રમ પ્રસ્તુત કર્યા પછી આ સર્વની સકારાત્મક ઊર્જામાં વધારો થયો હોવાનું જોવા મળ્યું. આ સમયે દેવતાનું તત્ત્વ વધારે પ્રમાણમાં આકર્ષિત થયું હોવાથી દેવતાની પ્રતિમાના પ્રભામંડળમાં સૌથી અધિક વધારો જોવા મળ્યો. બીજી એક કસોટીમાં મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલયના સંગીત અને નૃત્ય વિભાગના એક સાધકે શ્રી દુર્ગાદેવીનું મંદિર, એક સભાગૃહ, આધ્યાત્મિક સંશોધન કેંદ્રનો સ્ટુડિઓ અને આશ્રમમાં એક ભજન પ્રસ્તુત કર્યું.

આશ્રમ અને મંદિરમાંના પ્રસ્તુતિકરણના સમયે ગાયકની સકારાત્મક ઊર્જામાં વધારો થયો હોવાનું જોવા મળ્યું. જ્યારે સભાગૃહમાંના પ્રસ્તુતિકરણના સમયે સકારાત્મક પ્રભામંડળ ઓછું થયું હોવાનું જણાયું. આનું કારણ એમ કે, મંદિર અને આશ્રમ આ સકારાત્મક ઊર્જાના સ્રોત છે અને ત્યા ભજન ગાવાથી સકારાત્મકતા વૃદ્ધિંગત થાય છે, જ્યારે પ્રેક્ષકગૃહો કેવળ મનોરંજન માટે ઉપયોગમાં લેવાય છે.

આપનો નમ્ર
શ્રી. આશિષ સાવંત,
સંશોધન વિભાગ, મહર્ષિ અધ્યાત્મ વિશ્વવિદ્યાલય,
(સંપર્ક:૯૫૬૧૫૭૪૯૭૨)

# ફેક ન્યૂઝનો નાનકડો ટુકડો તોફાન લાવી શકે છે, લોકોને શિક્ષિત કરવા પડશે : વડાપ્રધાન

નવીદિલ્હી,તા.૨૯

તમામ રાજયોના ગૃહમંત્રીઓના ચિંતન શિબિરને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે આપણે નક્સલવાદના તમામ રૂપોને હરાવવા પડશે પછી ભલે તે બંદૂક ચલાવવાનું હોય કે કલમ ચલાવવાનું, આપણે તે બધાનું સમાધાન શોધવું પડશે. તેમણે કહ્યું કે છેલ્લા કેટલાક વર્ષોમાં તમામ સરકારોએ, આતંકવાદના ગ્રાઉન્ડ નેટવર્કને ધ્વસ્ત કરવા માટે જવાબદારીથી કામ કર્યું છે. આપણે આપણી તાકાતોને મેળવીને તેને સંભાળવાની જરૂર છે.

પીએમ મોદીએ કહ્યું કે 'આપણી યુવા પેઢીને ભ્રમિત કરવા માટે આવી વાહિયાત વાતો કરે છે લોકો, જેનાથી દેશને ખુબ નુકસાન થાય છે. જે રીતે આપણે નક્સલ પ્રભાવિત જિલ્લાઓ પર ફોક્સ કર્યું છે તે જ રીતે તેમણે હવે તેમનો ઈન્ટલેક્ચ્યુલ દાયરો તે જગ્યાઓ પર પહોંચાડવાનો પ્રયત્ન કર્યો છે જે આવનારી પેઢીઓમાં વિકૃત માનસિકતા પેદા કરી શકે છે. એક બીજા પ્રત્યે નફરત પેદા કરી શકે છે, ઈમોશનલ ચીજોને આઉટ ઓફ પ્રોપોર્શન ઉછાળીને સમાજના અનેક ટુકડામાં ખાઈ પેદા કરી શકે છે. આપણે આવી કોઈ ચીજને દેશમાં ચાલવા દેવાની નથી.'

પીએમ મોદીએ કહ્યું કે 'કાયદાનું પાલન કરનારા નાગરિકોની સુરક્ષા અને અધિકારો માટે, નકારાત્મક તાકાતો વિરુદ્ધ કડક કાર્યવાહી આપણી જવાબદારી છે. ફેક ન્યૂઝનો નાનો ટુકડો સમગ્ર દેશમાં તોફાન લાવી શકે છે. આપણે લોકોને કઈ પણ ફોરવર્ડ કરતા પહેલા વિચારવા માટે શિક્ષિત કરવા પડશે, વિશ્વાસ કરતા પહેલા ખરાઈ કરો.'

પ્રધાનમંત્રીએ કહ્યું કે 'કાયદો વ્યવસ્થા જાળવી રાખવી એક ૨૪૭૭ વાળું કામ છે પરંતુ કોઈ પણ કામમાં એ પણ જરૂરી છે કે આપણે સતત પ્રક્રિયાઓમાં સુધારો કરતા રહીએ, તેમને આધુનિક બનાવીએ. તેમણે કહ્યું કે આપણે ૫જી યુગમાં પ્રવેશ કર્યો. ૫જીના અનેક ફાયદા છે અને તે માટે જાગૃતતા પણ જરૂર છે. ૫જી સાથે ફેશિયલ રેકગ્નાઈઝેશન ટેક્નોલોજી, ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નાઈઝેશન ટેક્નોલોજી, ડ્રોન અને સીસીટીવી ટેક્નોલોજીમાં અનેક ગણો સુધારો થશે.

CYMK

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No : 73
વિષય..બંધ બારણાં ખુલે તો
પ્રકાર..ગદ્ય. લેખ.
શીર્ષક..અંતરનું અજવાળું

બંધ બારણાં ખુલે તો..ખૂબ સરસ કહેવાય માણસની અંદર સમજ પણ છે અને સાહસ પણ છે નથી તો એ ફકત લોકો સમાજની વિરુદ્ધ જઈ કઈ કરવાની હિંમત માણસે ઘણું બધું કરવું છે પણ . આ પણ શબ્દ એને ખોખલો બનાવી દે છે,એને ઘર માં એવું કોઈ વાતાવરણ નથી મળતું અને બહાર કોઈનો સપોર્ટ નથી મળતો બાકી માણસ ઘણું બધું કરી શકે.

આપણે જાતેજ આપણું અજવાળું કરવાનું છે એક વાર તમે રોશની આપતા થઈ જાય એટલે પતંગિયા તો અજવાળું જોઈ આવવાના છે, શરૂવાત તો તમારે એકલાએ કરવાની હોય છે,તમારામાં રહેલી શુષુપ્ત અવસ્થા તમને અંધકાર તરફ ધકેલે છે,જીવન કાંટાની વાડી છે જેને પાર કરતી વખતે કદાચ એક આદ કાંટો વાગી પણ જાય એનાથી ચાલવાનું બંધ ના કરી શકાય, આજના ફાસ્ટ જમાનામાં કોઈ તમારી માટે ઉભા રહેવા તૈયાર નથી,તમારી લડત તમારે જાતે લડવાની છે,માટે આજથીજ દરેક ક્ષણ ને માણો આ જીવન બહુજ મૂલ્યવાન હોય છે માટે તમારા જીવનમાં અંધકાર દૂર કરી રોશની પ્રગટાવો દિવાળી દર વર્ષે આવે છે આપણે દર વર્ષે દીવા પ્રગટાવીએ

પણ આપણા મનના અંધકાર ને દૂર નથી કરી શકતા,જે દિવસે આપણે આપણામાં રહેલી માન્યતાઓ રૂઢિચુસતા અને લોકોના ડર માંથી બહાર નીકળી જઈએ પોતાના માટે જીવીએ ત્યારે સાચી દિવાળી કહેવાય.

નયના પટેલ.નૈન.

---

NOG SS No: 127
અલ્પા મહેતા "એક અહેસાસ"
વિષય - બંધ બારણું ખુલે તો
પ્રકાર - પદ્ય
શિર્ષક -ખુલતું બારણું

---

અમાસ ની અંધારી રાતે
નાનું અમથું એક બારણું ખુલ્યું ,
એક અજવાળું મારા ઓરડે
અને બીજું મારા દીલડે થયું.
ઝરૂખે બેઠી હું
સૂકા પાંદરડા વીણતી
ઝાકળ નાં બિંદુ એ ભીંજાય
એક પાંદરડું લીલુંછમ થયું .
અમાસ ની અંધારી રાતે
નાનું અમથું એક બારણું ખુલ્યું ,
એક અજવાળું મારા ઓરડે
અને બીજું મારા દીલડે થયું.
ખુલતા ખુલતા બારણું ,
સહેજ એક મીઠી લહેરખી લાવ્યું,
ઓઢણાં નાં આઠેય રંગો સમું
મારું સ્મિત રાતુંચોળ થયું
અમાસ ની અંધારી રાતે
નાનું અમથું એક બારણું ખુલ્યું ,
એક અજવાળું મારા ઓરડે
અને બીજું મારા દીલડે થયું.
ઉંબરડે ઊભું ઊભું મ્હારું મનડું
જાણે પ્રિતમ નાં પગરવ સાંભળી ગયું
હરખ ની હેલી માં ભાન ભૂલી
આશા ઓ ની ગલી ઓ માં ડોલતું રહ્યું .
અમાસ ની અંધારી રાતે
નાનું અમથું એક બારણું ખુલ્યું ,
એક અજવાળું મારા ઓરડે
અને બીજું મારા દીલડે થયું.
ખુલતા બારણાં નાં અજવાળે
આશા નું અજવાળું પથરાયું
એક નાનું અમથું કિરણ
પ્રેમ ની મોસમ લાવી ગયું
અમાસ ની અંધારી રાતે
નાનું અમથું એક બારણું ખુલ્યું ,
એક અજવાળું મારા ઓરડે
અને બીજું મારા દીલડે થયું.

---

*NOG SS NO-* 0088
વિષય- નવલું વર્ષ / બારણાં ખૂલે
પ્રકાર- પદ્ય
શીર્ષક- નવ પ્રભાતે બારણું ખુલ્યું!
નામ- ડૉ. મનીષા વ્યાસ

અંધારી રાતનાં સજ્જડ બંધ બારણાં કેમ ને કેવાં રે ખુલશે?
ઘોળ અંધારી દિવાળીની રાત્રીએ ધરતી પર તારાઓ ખીલશે!
ઘરઘર ઝળહળશે આશાનાં દીપ ને ઉર્મિઓ રંગોળી પૂરશે!
સપરમો'દિ જાણી થાશે ઉજાણી ને મીઠાં મિષ્ટાન્ન સૌ ખાશે!
દિવાળીને હાથ દઈ પડતર'દિ બોલિયો કે છું હું બહું રે બળિયો!
લોકો કહે ધોકો મને, નડતર થઈ તોડું સૌ પરબિયાંની કડીઓ..
આણ્યું ગ્રહણ ઓલ્યા ઝળાંહળાં અજવાળે લાગવાને લાંછન...
દેવ રે! પુરાણા, વાસીને બારણાં કે આવે ના કોઈ એને આંગન..
ધીમું ધીમું સળવળતું ટમટમતું ઉઠ્યું, નવી આશાનું નવલું કિરણ..
અજવાળાં પાથરતું આભની અટારીનાં દૂર કર્યા સઘળાં આવરણ...
સોનેરી કિરણોએ સજ્જડ સાંકળો તોડી ખુલ્લું મૂક્યું બારણીયું..
જતા વરસની છેલ્લી રાતડીને રામ રામ કરી! પ્રગટ્યું છે રૂડું પરોઢિયું..
ખુલેલા બારણેથી રૂમઝૂમ પ્રવેશતાં નવવર્ષે લીધાં છે ઓવારણાં...
ખુલ્લા આકાશમાં ને ખુલ્લા રે દિલથી મેં તો ખોલી દીધાં છે બારણાં..
હૈયામાં હામ સાથે ભળતો સંકલ્પ ત્યારે નવલાં પરોઢનાં અમીઝરણાં..
આજ દિવાળી, કાલ દિવાળી.. ગામનાં છોકરાં ખાય સુંવાળી
'સૌને નવલા વર્ષના નૂતન વર્ષાભિનંદન.. પ્રણામ ????'

ડૉ. મનીષા વ્યાસ??
અમદાવાદ

---

NOG SS No. 126
નામઃ મોહનભાઈ આનંદ
ગઝલ:બંધ બારણાં, કળ ખૂલે તો !

બંધ બારણાં, કળ ખૂલે તો !
કોઈ ભીતરે, પળ ખૂલે તો !
રહસ્ય હોય પડદાની પાછળ,
કોઈ ભીતરે, છળ ખૂલે તો !
સાચું પુણ્ય છે, દેવપૂજા,
ભાવ ઊર્મિનાં ,જળ ખુલે તો !
ખીજ પણ ચઢે,જેમ હલધર,
કોઈ કારણે , હળ ખૂલે તો!
ભીતરે તને પિયુ મળે બસ,
ઘૂમટો હું નો , વળ ખૂલે તો !

મોહનભાઈ આનંદ

---

NOG SS No : 120
શબ્દ - બંધ બારણાં ખૂલે તો
પ્રકાર - પદ્ય (અછાંદસ)
શીર્ષક - પ્રાપ્ત થાય
શબ્દો - ૧૧૨

'પ્રાપ્ત થાય'
પરિશ્રમ કરવાથી પારસમણી પ્રાપ્ત થાય,
શુભ વિચારો રાખવાથી સમૃદ્ધિ પ્રાપ્ત થાય.
આળસને ખંખેરીશુતો અજવાળા પથરાય,
ઈર્ષ્યાને ત્યજીશું તો શાણપણ પ્રાપ્ત થાય.
ખાલી આવ્યાને ખાલી આપણે જવાના,
મીઠાશ મૂકીને જઈએતો ચાહના પ્રાપ્ત થાય.
ઘણખમી આ ધરતીમાતા સૌને રહેવા આપે,
એના અગણિત ઉપકારોથી ખુશી પ્રાપ્ત થાય.
નિરક્ષરને સાક્ષર કરવા નિષ્ઠાથી ફરજ બજાવો,
આપણાને આંગળી ચિંધ્યાનુ પૂણ્ય પ્રાપ્ત થાય.
સૌ ની સાથે નિખાલસતા થી રહેવામાં મજા,
વેર-ઝેર ભૂલવામાં અનેરો આનંદ પ્રાપ્ત થાય.
આવનારને મીઠડો આવકારો આપતા જઈએ,
હૈયાનાં હરખથી વધાવતા વિવેક પ્રાપ્ત થાય.
કંઈક મેળવવું હોય તો થોડુંક ગુમાવવું પડે,
મનધાર્યા મૂકામ જવાથી સિધ્ધી પ્રાપ્ત થાય.
'રમા' કહે જીવનનાં બંધ બારણાં ખુલ્લા રાખો,
શુધ્ધ ભાવનાથી કુદરતની બરકત પ્રાપ્ત થાય.

રમીલા ડી મકવાણા 'રમા'
લાડુલા તા ભાભર

---

*NOG SS NO:004*
વિષષ:બંધ બારણાં ખૂલે તો!
પ્રકારઃ ગદ્ય
શબ્દો:૩૫૦
શીર્ષકઃ અસ્ખલિત પ્રવાહ

અસ્ખલિત પ્રવાહ

આજે બારી બહાર જ જોવું રહ્યું , પપ્પાએ અને મમ્મીએ સ્વરૂપને ઓરડામાં પૂરી દીધી હતી. બારી બહાર નજર પડતાં દૂર દૂર ક્ષિતિજે ડૂબતો સૂરજ લાલીમાં ફેલાવી રહ્યો હતો. નિજ તો તેને પ્રેમ કરતો હતો તેણે કેમ પપ્પાને

સત્ય કહી દીધું? જાણ્યા પછી પપ્પાએ તેને ઓરડામાં પૂરી દીધી હતી. આજે ખાધા પીધા વગર બે દિવસ થયાં. પોતે પણ જિદ્દી હતી જેવા પપ્પા.

હાલ આ ક્ષણે પેટમાં ઉંદરડા ચૂં ચૂં કરી રહ્યાં હતાં. તેણે કબાટ ખોલ્યું ને પર્સ ખોલી તેમાંથી કાજુ-દ્રાક્ષની થેલી કાઢી , સાથે પેલી અખરોટ ને સૂકા એપ્રિકોટ પણ હતાં. બસ હવે વાંધો નહિ આવે ખાય જ લઉં કરી મોંમાં મૂકવા ગઈ ને તેને યાદ આવ્યાં પેલાં ભૂલકાંઓ જેને માટે પોતે આજે સજા ભોગવી રહી .

નિજ આટલો સ્વાર્થી હશે તે એને નહોતી ખબર, નહિતો એને એ કહેત જ નહિ કે તે દિવાળી નિર્મળાનિકેતનમાં વિતાવવાની છે. કોને ખબર પપ્પાને અને નિજને શેનું નીચા જોવા પણું લાગે છે. તેણે એ સૂકામેવાની થેલી પાછી મૂકી દીધી. બારીમાંથી નીચે ઉતરાય તેમ નહોતું કારણ તેઓનું ઘર ત્રેવીસમાં માળે હતું. બીજા દિવસની રાત્રે તે પેટ દબાવી સૂઈ ગઈ.

ત્યાં વહેલી સવારે પાંચ વાગે ધીરે રહી બંધ બારણાં ખૂલ્યાં. જોયું તો દાઈમા આંજીઆજી હતાં.ધીરે રહી તેઓ તેની પાસે આવ્યા તેનો હાથ પકડ્યો ને કહ્યું કે મુલી! આતા ઘરાત કોણી નાહી, લવકર કર!

બસ, તૈયાર કરેલો થેલો હતો જ, પેલી સૂકા મેવાની થેલી ખોસી ને સ્વરૂપરાણી એટલે હું ભાગી. ફરી આંજીઆજીએ બારણાં બંધ કરી દીધાં. હવે એ દરવાજા ખૂલશે તો શું પ્રલય આવશે તેની મને નથી ખબર પણ મારો મક્સદ પૂરો થતો હતો. મારે તો સદ્કાર્ય કરવું હતું. મારી સાથે જોડાયેલો હતો કિરણ જેણે સમાજનું આ પાસું બતાવ્યું હતું. જે મેં ક્યારેય આ લક્ઝરિયસ જિંદગીમાં જોયું જ નહોતું. કિરણ સામાજિક કાર્યો કરતો. આજ સુધી અમે તેની મજાક ઉડાવતાં હતાં પણ એક દિવસ તેણે અમીરીથી બિડાયેલા અમારાં અંતરમનનાં એ બંધ બારણાંને ખખડાવ્યાં ને અમે હચમચી ગયાં. જ્યાં ખાવા પીવાનો તો અભાવ હતો પણ મા-બાપ, ભાઈ-ભાંડુ કે

સગા વહાલાં નો જે પ્રેમ પ્રવાહ હોય તેનો પણ પૂર્ણ અભાવ હતો. એ બંધ બારણાં ખૂલી ગયા તો , એક એવા પ્રેમની સરવાણી ફૂટી કે અસ્ખલિત પ્રવાહમાં બધું જ વહી ગયું ને એક શીતળતાએ જન્મ લીધો. નવા વર્ષનો

સંકલ્પ લેવાયો કે અંતરમનનાં બંધ બારણાં ખૂલ્યાં જ છે તો તે હવે ક્યારેય નહિ બિડવા.

'જયશ્રી પટેલ' ૨૭/૧૦/૨૨'

---

NOG SS N0 :- 119
પ્રકાર :- ગદ્ય
શબ્દ : - બંધ બારણાં ખૂલે તો...!
શીર્ષક :- ૧૨૦

'બંધ બારણાં ખૂલ્યા'

દિવાળી નું પર્વ એટલે પ્રકાશપર્વ ગણાય છે.દિવાળીના દિવસો એટલે શ્રી રામના ચૌદ વર્ષના વનવાસ બાદ તેમનું આગમન અવધપુરી માં થવાનું છે અને રાવણનો સંહાર કરીને વિજયાદશમી નો ઉત્સવ ઉજવી દશમના દિવસે રાવણનું દહન કરીને ઉજવણી કરવામાં આવે છે. દશેરા પછીના વીસ દિવસોમાં રમા એકાદશી થી વાઘબારસ, ધનતેરસ,કાળી ચૌદશ અને દિવાળી તથા બીજા દિવસે વિક્રમ સંવતના પહેલા દિવસે નવલા વર્ષની ઉજવણી થાય છે. ત્યારબાદ ભાઈ-બીજ નો દિવસ અને લાભપાંચમ તથા કાર્તિકી પૂનમ એટલે કે નાની દિવાળી નું મહત્વ છે.

અમારા પરિવારમાં છેલ્લા સાત-આઠ વર્ષથી એકબીજાનાં ઈગો માં ભાઈઓ જુદા થયેલા, પણ એક દિકરો ફોજી(સૈનિક)માંથી સેવા નિવૃત થઈને ઘેર આવ્યા ત્યારે બધા ભાઈઓ એકમેક થઈને કોઈને પણ અણસાર આવ્યા વગર એક સંપ થઈ ગયા. એકતાની તાકાતથી ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં સફળતાના શિખરો સર કરી શકાય છે. સંઘે 'શક્તિ કલીયુગે'

રમા એકાદશી થી દિવાળી સુધીના દિવસો બધા પ્રકાશનું પર્વ દિવાળી નાં તહેવારો ગણાય છે.

રમા એકાદશીનું મહત્વ એવું છે કે ધન્વંતરિ દેવની પૂજા અર્ચના અને બાઘબારસ (વાક્ બારસ) ને પોળા બારસ પણ કહે છે.જે દિવસે લોકોને વહેલા ઊઠવું અને આળસખંખેરી સજાગ થવાનો દિવસ છે. ધનતેરસે લક્ષ્મી પૂજન અને કાળી ચૌદશે મનનો કકળાટ અને કચવાટ દૂર કરીને એકબીજાને સહયોગી બનવા નો દિવસ ગણાય છે. દિવાળી નો દિવસ એટલે સૌનાં જીવનમાં અજવાળા પાથરવા નો દિવસ ગણાય છે. બેસતા વર્ષે એકબીજા વયમનસ્ય ભૂલીને હેતપ્રેતથી મળે છે અને ભૂતકાળમાં થયેલી ભૂલોને ભૂલીને હળીમળીને હળવાશથી મળે છે. સમાધાનના દ્વાર ખૂલે પછી એકબીજા આત્મિયતા થી ઓતપ્રોત થઈ જાય છે.

ગંગાસતી અને પાનબાઈ એ પણ અંધકાર ને દૂર કરવા એકબીજાને મોતીડા પરોવવા માળાના મણકાની જેમ ગૂંથાઈને એકતાનાં અજવાળા પાથરવાની સમજ આપે છે. અંધકાર રૂપી અજવાશ પાથરવા ના દ્વાર ખૂલે એટલે આપોઆપ બંધ બારણાં ખુલ્લા થતા હોય છે.

ડૉ જગદીશ કે રણોદરા (બંધવ)
વીસાવડી-વરણોસરી-શંખેશ્વર-વાહેદપુરા

---

*NOG SS NO.0081*
વિષયઃ બંધ બારણાં ખૂલે તો
પ્રકાર : પદ્ય
શબ્દો: ૧૦૬
શીર્ષકઃ ભીતરનાં દ્વાર

આવે મુસીબત એક,તો કંઈ અટકતું નથી,
બંધ થાય બારણું તવ,અન્ય ખૂલ્યાં વગર રહેતું નથી.
બારણાં બંધ એ નથી સંકેત પૂરું થયાનો,
એ તો સૂચવે,છે દિશા બીજી પ્રયાસ વધુ મથવાનો.
મનનાં દ્વાર ખૂલે એક જ દિશામાં,બહાર નીરખવા,
કદી ન વાંછીએ એને ?ખોલીએ ,ભીતર ઝાંકવા.
દ્વાર જો ખોલીએ મહાપ્રયાસે અંદર ભણી,
પામીએ પ્રેમ, શાંતિનો અનંત વૈભવ મન ભરી.
બારણાં જે ખૂલતાં , સરળતાથી બહાર જગ પ્રતિ,
સમેટતાં એ સઘળું ,નીર ક્ષીર વિવેક ભૂલી.
એ જ દ્વાર થકી પ્રવેશે સૂકાં ભેગું લીલું,
ત્યાં નવ કોઈ ગળણું,જે નકારે? વણ જોઈતું.
બંધ બારણાં તો નિશાની નકારની,નિરાશાની,
ખોલીએ ભીતરનાં દ્વાર ,વહાવીએ સુગંધ પ્રેમની!

#©માયા દેસાઈ
મુંબઈ ભારત.

---

NOG SS No : 0059.
વિષયઃ બંધ બાંરણા ખુલે તો ?
પ્રકારઃ ગદ્ય-લેખ.
શીર્ષકઃજીસકી જૈસી સૌચ
શબ્દૉ:૨૮૦
©જયકાન્ત ઘેલાણી --પ્યારે'.

બંધ બારણા ખુલે તો ?

પ્રશ્ર્ન નાનો પણ જવાબ અનેક ગૂઢાર્થ થી ભરેલો.નાના માણસોની સમજમાં ન આવે તેવો જવાબ!

આ સવાલનો જવાબ દરેક વ્યકિતની, પોતાની લાયકાત અને પરિસ્થિતિ ઉપર આધારિત રહે છે, જેમકે ,

વર્ષોથી જેલમાં કેદી તરીકે રહેલા કેદી ને પુછવામાં આવે કે, બંધ બારણા ખુલે તો ?

કેદી પોતાની અવસ્થાને લઈને વિચારે, અને પોતાનાં જેલમાંથી છૂટકારા વિષે વિચારે,

પણ જો,

કોઈ હોસ્પિટલના ઓપરેશન રૂમના દરવાજા ખોલવાની વાત આવેતો !

દર્દીના સંબધીઓ ઓપરેસનની સફળતા ના સમાચારની આશા સેવતાં જણાય,

અને જો આજ પ્રશ્ર્ન

કોઈ ગૌશાળા ના દરવાન માટે આવેતો ,ગૌ મૈયા ને ઘાસ આપવાની વાતનો આવે,

અને તેજ સવાલ

કોઈ સ્કૂલમાં અભ્યાસ કરતાં બાળકો માટે આવે તો ?,

તો ,તે, સ્કૂલમાંથી છૂટી પડવાનું વિચારે ,

અને આજ સવાલ બંધ મંદિર ના દ્વાર પાસે ઘણા સમયથી ભગવાન ના દર્શન કરવા ભેગા થયેલા ભક્ત જનો માટેનો.બને,અને તેનો જવાબ સવારના પ્રભુ પ્રાગટ્ય નો જ ગણાય,

અને આજ પ્રશ્ર્ન કોઈ મોટા ત્તત્વવેતા માટે આવે તો ?

તે માનવ જીવન ના અદભૂત રહસ્યનો ઊકેલ સમજાવતો, અને અહંકારને ઓગાળી નાખવાની વાત સમજાવતો અને જવાબ આપતો ગણી શકાય, અને માનવ માનવ વચ્ચે ના મતભેદ ને તોડી અને પ્રજા વચ્ચે સેતુ બનવાનું રહસ્ય સમજણમાં આવે,તેનું કારણ બની શકેછે !.

ટૂંક મા 'બંધ બારણાં ખુલે તો '

તે અનેકના રહસ્યો ને ખોલેછે, તો અનેક માટે જીવન મરણ ના સવાલનો ઉકેલ આપતો બની રહેછે.ટુંકમા,

બંધ બારણાં ખુલે તો ?
અનેક રહસ્યો ખોલી શકેછે.
સાથે અનેક રહસ્યો ઊભા પણ કરી શકેછે.

સમય અને સંજોગો ને આધીન અનેક પ્રશ્ર્નો નો ઊકેલ આપી શકવાની ગૂઢાર્થ ક્ષમતા ધરાવેછે.

બંધ બારણાં અનેક રહસ્યો નેચૂપ કરી સંભાળી રાખવાની તાકાત ધરાવેછે,

તો ખૂલતાં બારણા પણ અનેક રહસ્યો નો "રાજ" સમજાવવાની તાકાત ધરાવેછે.

જીશકી જૈસી સૌચ!
શ્ર?જયકાન્ત ઘેલાણી- પ્યારે

---

NOG SS No : 123
પ્રકાર : પદ્ય- અછાંદસ
શીર્ષકઃ કાવ્ય
વિષય : બંધ બારણા ખૂલે તો?
રચનાઃ

મળવું છે
એ સર્જનહારને
પરંતુ
બંધ બારણા ખૂલે તો?
કહું અતિશય થાક્યો છું
દોડી
ખુલ્લી આંખે
મુખ મુદ્રા નિહાળી
ઈશની
અહં માંહી
ખુદને જ ઓગાળું.

દિવ્યા દેઢિયા 'દિવ્ય'

---

N.O.G. S. S. No.0102.
નામઃ- રતીલાલ વાયડા
વિષયઃ- બંધ બારણા ખૂલેતો !
પ્રકાર'- ગદ્ય લેખ.
શીર્ષકઃ- બંધ બારણા અંતે ખુલ્યા !
તારીખઃ- ૨૮/૧૦૨૦૨૨. શુક્રવાર.

રચનાઃ-

મહેન્દ્રનો જન્મ એક ગરીબ પરિવારમાં થયો હતો. પિતાની ઓછી આવક અને તેને કારણે તેના નસીબના દ્વાર બંધ હતા. પ્રાથમિક શિક્ષણ ગામડામાં પૂરું કરી અને હાઈસ્કૂલમાંશિક્ષણ માટે તેને શહેરમાં જવાનું થયું.એક શેઠને ત્યાં હોટલમાં રહ્યોઅનેસાથે પોતાનું હાઈસ્કૂલમાં પણ શિક્ષણ ચાલુ રાખ્યું.

સવારના પાંચ વાગે ઉઠી હોટલ માં લોજમાં કામ કરે અને ત્યારપછીસ્કૂલમાંજાય .સ્કૂલમાંથી આવ્યા પછી ફરીપાછુંહોટલનુંકામ અને આ કામ છેકરાતના૧૧વાગ્યા સુધીચાલતુંહતું.આવીકપરીમજૂરી કરી અને તેણે પોતાનું શિક્ષણ ચાલુ રાખ્યું .દર વર્ષે પાસ થઈ અને એસ.એસ.સી. પાસ કરી.

આગળ કોલેજનું શિક્ષણ શરૂ થયું . પ્રથમ વર્ષે જ તેને કારખાનામાં નોકરી મળી ગઈ અને કોલેજ નું શિક્ષણ પણ ચાલુ રાખ્યું આમ તે ગ્રેજ્યુએટ થઈ ગયો.પછી માસ્ટર ડિગ્રી માટે તેણે કોલેજ ચાલુ કરી અને બે વર્ષમાં તે પણ પાર કરી અને ત્યાર પછી તેને કારખાનામાં ખૂબ જ સારી નોકરી મળી ગઈ.

આમ થોડા વર્ષ કપરીમહેનત મજૂરીકરીઅનેતેણેપોતાનાગરીબીના દ્વાર ખોલી નાખ્યા. હવે સારી આવક પ્રાપ્ત થઈ અને તેના માતા પિતાએ સુંદર કન્યા સાથે લગ્ન પણ કરાવી દીધા અને સારું દાંપત્યજીવન આજે જીવે છે.

ગરીબીના બંધ બારના ખુલ્લા થઈ ગયા અને હવે લક્ષ્મીજીની પધરામણી ઘરમાં થઈ ગઈ.

સખત પરિશ્રમ બંધ દ્વારાને અંતે ખોલે અને નવો પ્રકાશ ફેલાવે છે, પ્રગતિ તરફ આગે કુચ થાય છે.

લેખકઃ- રતીલાલ વાયડા
નવી મુંબઈ.( ૨૮/૧૦/૨૦૨૨. શુક્રવાર.)

---

NOG SS NO - 0050
નામ - રાગીની શુક્લ 'રાગ'
વિષય - બંધ બારણાં ખૂલે તો
પ્રકાર - પદ્ય મૌલિક
શીષૅક - કેવો આભાસ થાય.
તા - ૨૯/૧૦/૨૦૨૨.
......................................

ઘટનાને થોડાં ભૂલી શકવાના
બારણાં..!
તો કોણ ખોલવાનું હતું બંધ દ્વારને..?
જેવું બારણું ખુલે કે તરત જ બહારની શીતળવા હવા..!
પડળ પર પડળ થઈ ચડી ગયેલાં સંબંધોને સ્પર્શે..!
અંતર રસનાં અવાવળ કૂવાને...!
મારી ભીતર આવી બેલી ડાન્સ કરે..!
ફટાફટ અવાજો ભીતર જોરશોરથી પડઘાં માંડે છે...!
એક નાની તિરાડ બિલ્લી પગે બંધ બારણું ખૂલે તેની રાહ જુએ છે..!
બંધ બારણું આવી નવ પ્રભાતે ,
નવ કિરણે ભીતરનાં દ્વાર ખોલવા મથે છે..!
પ્રકૃતિમાં માનવ ભાવનું આરોપણ કરે છે..!
આકાશે વાદળની લટને સવારે છે..!
સુસવાટા કરતી આવતી ભીની હવા જાણે..!
એકાદ બે જલ બિંદુને લઈ..!
સવારે ડોકિયું કાઢે ઝાકળ બનીને..!
જે સુવાસિત કળીઓ આંખો ચોળેને ત્યારે..!
જ્યારે કોયલની મીઠી બોલી ના સ્વર સંભળાય..!
આંખોથી અળગુ અંધારું થાય..!
સૂરજ મુખીની પાદડીઓ ધીરે ધીરે સુરજ સમી થાયને..! પેલું બંધ બારણું ખુલતાં..!
મારી જિંદગીના કેવો એવો આભાસ થાય..!

રાગીની શુક્લ 'રાગ '
મુંબઈ.

# મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલ કેબિનેટ બેઠકમાં યુનિફોર્મ સિવિલ કોર્ડ ના અમલી કરણ કરવા માટે કમિટીની રચના કરવાનો મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો

### ક્રિમિનલ કાયદા દરેક નાગરિકો માટે સરખા છે જ્યારે સિવિલ કાયદા દરેક નાગરિકો માટે અલગ અલગ છે. જે ધર્મ આધારિત છે આ વિસંગતતા દુર કરવા માટે બંધારણની પ્રકરણ ૪ ની કલમ ૪૪ની જોગવાઇના આધારે રાજ્ય સરકારે સિવિલ કોર્ડ નો નિર્ણય કર્યો



**ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે ખાતે રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી અને કેન્દ્રીયમંત્રીશ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાજીએ પત્રકાર પરિષદને સંબોધી**

**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દેશના વડાપ્રધાન બન્યા ત્યારથી દેશમાં એક ભારત શ્રેષ્ઠ ભારતની મુહીમ ઝડપથી આગળ વધી રહી છે. –**
**શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા**

**નિવૃત હાઈકોર્ટના જજ સહિત ચાર થી પાંચ સભ્યોની આ કમિટીની રચના થશે . – શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા**

**ભારતીય જનતા પાર્ટીની સરકાર ફરી બનતા હાઈ પાવર કમિટીની રચના થશે અને નવી સરકારમાં કાયદાનું અમલી કરણ કરવામાં આવશે. –**
**શ્રી હર્ષભાઈ સંઘવી**

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ અને દેશના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબના માર્ગદર્શન હેઠળ આજે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલ કેબિનેટ બેઠકમાં યુનિફોર્મ સિવિલ કોર્ડ ના અમલી કરણ કરવા એક કમિટી બનાવવાનો મહત્વનો નિર્ણય કર્યો છે જે અંગે ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે કેન્દ્રીયમંત્રીશ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાજી અને રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજીએ પત્રકાર પરિષદને સંબોધી હતી.

પત્રકારોને સંબોધતા શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું કે,આખા દેશમાં દરેક નાગરિકો માટે ક્રિમિનલ કોર્ડ સમાન છે પરંતુ સિવિલ કોર્ડમાં વિસંગતતા છે દેશમાં ક્રમિનલ કાયદા અને સિવિલ કાયદા એમ બે પ્રકારના કાયદા છે. જેમાં ક્રિમિનલ કાયદા દરેક નાગરિકો માટે સરખા છે જ્યારે સિવિલ કાયદા દરેક નાગરિકો માટે અલગ અલગ છે. જે ધર્મ આધારિત છે આ વિસંગતતા દુર કરવા માટે બંધારણની પ્રકરણ ૪ ની કલમ ૪૪ની જોગવાઈના આધારે રાજય સરકારે સિવિલ કોર્ડ નો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત આજે રાજયના મુખ્મમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં મળેલ કેબિનેટની બેઠકમા યુનિફોર્મ સિવિલ કોડનું અમીકરણ કરવા મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો. ભારતીય જનતા પાર્ટીની સરકાર ફરી બનતા આ અંગે હાઇ પાવર કમિટીની રચના થશે અને નવી સરકારમાં કાયદાનું અમલી કરણ કરવામાં આવશે.

શ્રી પુરુષોત્તમભાઇ રૂપાલાએ માહીતી આપતા જણાવ્યું કે, ભાજપ માટે શરૂઆતથી જ રામ જન્મ ભૂમિ, કલમ ૩૭૦ અને કોમન સિવિલ જેવા મુદ્દા મહત્વના રહ્યા છે. જે અંતર્ગત આજે રાજયના મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં યુનિફોર્મ સિવિલ કોડ અંગે નિર્ણય કર્યો છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દેશના વડાપ્રઘાન બન્યા ત્યારથી દેશમાં એક ભારત શ્રેષ્ઠ ભારતની મુહીમ ઝડપથી આગળ વધી રહી છે.બનાસકાંઠા જિલ્લાના ભાજપની ટિકિટ માટે દાવેદારોનો રાફડો ફાટ્યો.

વાવ બેઠક સિવાય તમામ બેઠકો ઉપર એક ડઝનથી પણ વધારે દાવેદારો.

બનાસકાંઠા જિલ્લાની નવું વિધાનસભા પૈકી પાંચ વિધાનસભા બેઠક માટે ઉમેદવારોની સેન્સ લેવાની પ્રક્રિયા નિરીક્ષકો ની હાજરીમાં પૂર્ણ કરવામાં આવી હતી.ગત વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો ઉમેદવાર માલજીભાઈ દેસાઈ માત્ર ૨૦૦૦ની નજીવી સરસાઈથી આ બેઠક ગુમાવી હતી ભાજપે અગાઉ અરજીવન પટેલ મફતભાઈ પુરોહિત ને ટિકિટ આપીને કોંગ્રેસના જે કે અને નાથાભાઈ પાસેથી આ બેઠક છીનવીને જીત મેળવી હતી.

ભાજપ પુનઃ ધાનેરા વિધાનસભા બેઠક જીતવા મફતલાલ પુરોહિત અથવા માલજીભાઈ દેસાઈને જો ટિકિટ આપે તો આ વિધાનસભા મત ક્ષેત્રના લોકો ફરીથી ભાજપને મત આપીને જીતાડી શકે છે તેવું લોક મંતવ્ય છે.

દાંતાની અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠક માટે ભાજપ માંથી હેમરાજ રાણા નરેશ રાણા રવિન્દ્ર ગમાર અને અમરાભાઈ ગમાર પણ ઉમેદવારી કરી રહ્યા છે.વાવ વિધાનસભા બેઠક ઉપર પૂર્વ આરોગ્ય મંત્રી અને ભાજપના બાહુબલી નેતા શંકરભાઈ ચૌધરી સહિત ત્રણ કાર્યકરોએ ટિકિટ માટે પોતાનો દાવો રજૂ કર્યો છે.રાધનપુર બેઠક પર પહેલેથી લડી અને જીતતા આવતા શંકરભાઈ ચૌધરી વિધાનસભા બેઠકોનું સીમાંકન થતા હવે વાવ વિધાનસભા બેઠક ઉપર ચૂંટણી લડશે શંકરભાઈ ચૌધરી આમ તો ભાજપના બાહુબલી નેતા અને દિલ્હીના નેતાઓ સાથે સારી ઉઠક બેઠક ધરાવે છે જેના પરિણામે તેમને ટિકિટ વાવ વિધાનસભા બેઠકથી આપવામાં આવે તેવું પણ ચર્ચા રહ્યું છે.વિરોધ પક્ષ કોંગ્રેસ સીટિંગ ધારાસભ્ય અને સ્થાનિક ગેનીબેન ઠાકોરને ટિકિટ લગભગ ફાઈનલ જેવું છે ત્યારે વાવ વિધાનસભા બેઠક ઉપર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટાની ટક્કર રહે તેવી પણ સંભાવના છે.થરાદ વિધાનસભા બેઠક માટે સાંસદ શ્રી પરબતભાઈ પટેલ ના પુત્ર શૈલેષભાઈ પટેલ સહિત બાર જેટલા કાર્યકર્તાઓએ ટિકિટ માટે પોતપોતાની દાવેદારી નોંધાવી છે સાંસદ શ્રી પરબતભાઈ પટેલના ચિરંજીવી શૈલેશ પટેલ સરળ સ્વભાવના અને દરેક વર્ગના લોકો સાથે હળી મળીને રહેતા હોય તેમને ટિકિટ મળે તો ભાજપ બનાસકાંઠા જિલ્લાની વધુ એક બેઠક કોંગ્રેસ પાસેથી છીનવી શકે તેમ છે તેવું લોક મંતવ્ય છે.ધાનેરા વિધાનસભા બેઠક માટે પૂર્વ મંત્રી અરજીવનભાઈ પટેલ નરસિંહભાઈ રાજપુત સંજય દેસાઈ પીજે ચૌધરી ભગવાનભાઈ પટેલ માલજીભાઈ દેસાઈ સવસીભાઈ પટેલ રેશાભાઈ પટેલ મફતલાલ પુરોહિત વસંત પુરોહિત સહિત ૨૩ કાર્યકરોએ પોતપોતાની દાવેદારી ટિકિટ લેવા માટે નોંધાવી છે ધાનેરા વિધાનસભા બેઠક હાલતો કોંગ્રેસ પાસે છે પણ હવે ભાજપ કોને ટીકીટ આપીને આગળ વધે તે જોવાનું રહ્યું છે.

ભાજપના ત્રણ પ્રદેશ નિરીક્ષકો દ્વારા પાંચ વિધાનસભા બેઠકના ઉમેદવારી માટેના દાવેદારોને સાંભળવામાં આવ્યા હતા બનાસકાંઠા જિલ્લાની એક પાલનપુર બે દાતા ત્રણ ધાનેરા ચાર થરાદ અને પાંચ વાવ વિધાનસભા બેઠક માટે મોડી રાત સુધી સેન્સ લેવાની પ્રક્રિયા ચાલી હતી જેમાં સૌથી વધુ પાલનપુર વિધાનસભા બેઠક ઉપર દાબેદારોએ પોતપોતાની દાવેદારી ટિકિટ મેળવવા કરી હતી અને જિલ્લામાં સૌથી વધુ ૭૫ થી વધી કાર્યકરોએ ટિકિટ માટે પણ દાવેદારી નોંધાવી હતી.

પાલનપુર વિધાનસભા બેઠક પર ગુજરાત ઈલેક્ટ્રીક સિટી બોર્ડ યુજીવીસીએલના પૂર્વ મુખ્ય ઈજનેર એલ એ ગઢવી સમસ્ત બ્રહ્મ સમાજના અગ્રણી શૈલેષ જોષી પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિ ગોવિંદા ફાઉન્ડેશનના રામચંદભાઈ પટેલ બાળકોના ડોક્ટર જગદીશ ઠાકોર નિલેશભાઈ મોદી મહંત દોલત પુરી બાલાજી ગીરીશભાઈ જગાણીયા ભગુભાઈ દાઢી સહિત પંચોતેર થી વધુ કાર્યકરોએ ટિકિટ માગી છે.પાલનપુર વિધાનસભા બેઠક જિલ્લાની પ્રતિષ્ઠિત બેઠક ગણવામાં આવે છે આ બેઠક ઉપર ભૂતકાળની નજર કરીએ તો કાંતિભાઈ કચોરીયા લેખરાજ બજાણી ગોવિંદ પ્રજાપતિ રેખાબેન ત્રિવેદી ભાજપમાંથી વિજયી બન્યા હતા અને ગત વિધાનસભા ચૂંટણીમાં ભાજપ એ ઉતાવળ ની અંદર ટિકિટ ફાળવણી કરતા ભાજપને હારનો સામનો કરવો પડ્યો હતો. વર્તમાન સંજોગોમાં ભાજપ પાલનપુર સહિત જિલ્લાની તમામ બેઠકો માટે ટિકિટ આપવામાં જો કોઈ પણ પ્રકારની ભૂલ નહીં કરે તેવું ચર્ચા પણ રહ્યું છે. આ કાયદાથી લગ્ન, વારસાઈ, ઉત્તરાધિકાર, દત્તક, છુટાછેડા, જમીન, મકાન વારસાઈ ભાગ બટાઈ, દહેજ, વકફ , વાલીપણું, ભેટ, દાન અને કૌટુંબિક ફંડ (HUF) જેવી બાબતો માટે ધર્મ, જાતી, સંપ્રદાય, સંસ્કૃતિ માન્યતા અનુસાર અલગ અલગ કાયદા છે.આ કાયદાથી દેશના દરેક નાગરિકને એક સમાન અધિકાર મળશે. આ મહત્વનો નિર્ણય કરવા બદલ રાજય સરકારને અભિનંદન. આ કાયદા અંગે હાઈકોર્ટના નિવૃત જજની અધ્યક્ષતામાં કમિટી રાજયના મુખ્યમંત્રી બનાવશે. આ પત્રકાર પરિષદમાં પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલા, પ્રદેશના પ્રવકતાશ્રી યમલભાઈ વ્યાસ, પ્રદેશના સહ પ્રવકતાશ્રીઓ શ્રી કિશોરભાઈ મકવાણા, શ્રી ડો.રૂત્વીજ પટેલ,શ્રી ભરતભાઈ ડાંગર સહિતના પ્રદેશના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)

# બનાસકાંઠા જિલ્લાના ભાજપની ટિકિટ માટે દાવેદારોનો રાફડો ફાટ્યો

### વાવ બેઠક સિવાય તમામ બેઠકો ઉપર એક ડઝનથી પણ વધારે દાવેદારો

બનાસકાંઠા જિલ્લાની નવું વિધાનસભા પૈકી પાંચ વિધાનસભા બેઠક માટે ઉમેદવારોની સેન્સ લેવાની પ્રક્રિયા નિરીક્ષકો ની હાજરીમાં પૂર્ણ કરવામાં આવી હતી.

ગત વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો ઉમેદવાર માલજીભાઈ દેસાઈ માત્ર ૨૦૦૦ની નજીવી સરસાઈથી આ બેઠક ગુમાવી હતી ભાજપે અગાઉ અરજીવન પટેલ મફતભાઈ પુરોહિત ને ટિકિટ આપીને કોંગ્રેસના જે કે અને નાથાભાઈ પાસેથી આ બેઠક છીનવીને જીત મેળવી હતી.

ભાજપ પુનઃ ધાનેરા વિધાનસભા બેઠક જીતવા મફતલાલ પુરોહિત અથવા માલજીભાઈ દેસાઈને જો ટિકિટ આપે તો આ વિધાનસભા મત ક્ષેત્રના લોકો ફરીથી ભાજપને મત આપીને જીતાડી શકે છે તેવું લોક મંતવ્ય છે.

દાંતાની અનુસૂચિત જનજાતિ માટે અનામત બેઠક માટે ભાજપ માંથી હેમરાજ રાણા નરેશ રાણા રવિન્દ્ર ગમાર અને અમરાભાઈ ગમાર પણ ઉમેદવારી કરી રહ્યા છે.વાવ વિધાનસભા બેઠક ઉપર પૂર્વ આરોગ્ય મંત્રી અને ભાજપના બાહુબલી નેતા શંકરભાઈ ચૌધરી સહિત ત્રણ કાર્યકરોએ ટિકિટ માટે પોતાનો દાવો રજૂ કર્યો છે.રાધનપુર બેઠક પર પહેલેથી લડી અને જીતતા આવતા શંકરભાઈ ચૌધરી વિધાનસભા બેઠકોનું સીમાંકન થતા હવે વાવ વિધાનસભા બેઠક ઉપર ચૂંટણી લડશે શંકરભાઈ ચૌધરી આમ તો ભાજપના બાહુબલી નેતા અને દિલ્હીના નેતાઓ સાથે સારી ઉઠક બેઠક ધરાવે છે જેના પરિણામે તેમને ટિકિટ વાવ વિધાનસભા બેઠકથી આપવામાં આવે તેવું પણ ચર્ચા રહ્યું છે.વિરોધ પક્ષ કોંગ્રેસ સીટિંગ ધારાસભ્ય અને સ્થાનિક ગેનીબેન ઠાકોરને ટિકિટ લગભગ ફાઈનલ જેવું છે ત્યારે વાવ વિધાનસભા બેઠક ઉપર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટાની ટક્કર રહે તેવી પણ સંભાવના છે.

થરાદ વિધાનસભા બેઠક માટે સાંસદ શ્રી પરબતભાઈ પટેલ ના પુત્ર શૈલેષભાઈ પટેલ સહિત બાર જેટલા કાર્યકર્તાઓએ ટિકિટ માટે પોતપોતાની દાવેદારી નોંધાવી છે સાંસદ શ્રી પરબતભાઈ પટેલના ચિરંજીવી શૈલેશ પટેલ સરળ સ્વભાવના અને દરેક વર્ગના લોકો સાથે હળી મળીને રહેતા હોય તેમને ટિકિટ મળે તો ભાજપ બનાસકાંઠા જિલ્લાની વધુ એક બેઠક કોંગ્રેસ પાસેથી છીનવી શકે તેમ છે તેવું લોક મંતવ્ય છે.ધાનેરા વિધાનસભા બેઠક માટે પૂર્વ મંત્રી અરજીવનભાઈ પટેલ નરસિંહભાઈ રાજપુત સંજય દેસાઈ પીજે ચૌધરી ભગવાનભાઈ પટેલ માલજીભાઈ દેસાઈ સવસીભાઈ પટેલ રેશાભાઈ પટેલ મફતલાલ પુરોહિત વસંત પુરોહિત સહિત ૨૩ કાર્યકરોએ પોતપોતાની દાવેદારી ટિકિટ લેવા માટે નોંધાવી છે ધાનેરા વિધાનસભા બેઠક હાલતો કોંગ્રેસ પાસે છે પણ હવે ભાજપ કોને ટીકીટ આપીને આગળ વધે તે જોવાનું રહ્યું છે.ભાજપના ત્રણ પ્રદેશ નિરીક્ષકો દ્વારા પાંચ વિધાનસભા બેઠકના ઉમેદવારી માટેના દાવેદારોને સાંભળવામાં આવ્યા હતા બનાસકાંઠા જિલ્લાની એક પાલનપુર બે દાતા ત્રણ ધાનેરા ચાર થરાદ અને પાંચ વાવ વિધાનસભા બેઠક માટે મોડી રાત સુધી સેન્સ લેવાની પ્રક્રિયા ચાલી હતી જેમાં સૌથી વધુ પાલનપુર વિધાનસભા બેઠક ઉપર દાબેદારોએ પોતપોતાની દાવેદારી ટિકિટ મેળવવા કરી હતી અને જિલ્લામાં સૌથી વધુ ૭૫ થી વધી કાર્યકરોએ ટિકિટ માટે પણ દાવેદારી નોંધાવી હતી.પાલનપુર વિધાનસભા બેઠક પર ગુજરાત ઈલેક્ટ્રીક સિટી બોર્ડ યુજીવીસીએલના પૂર્વ મુખ્ય ઈજનેર એલ એ ગઢવી સમસ્ત બ્રહ્મ સમાજના અગ્રણી શૈલેષ જોષી પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિ ગોવિંદા ફાઉન્ડેશનના રામચંદભાઈ પટેલ બાળકોના ડોક્ટર જગદીશ ઠાકોર નિલેશભાઈ મોદી મહંત દોલત પુરી બાલાજી ગીરીશભાઈ જગાણીયા ભગુભાઈ દાઢી સહિત પંચોતેર થી વધુ કાર્યકરોએ ટિકિટ માગી છે.પાલનપુર વિધાનસભા બેઠક જિલ્લાની પ્રતિષ્ઠિત બેઠક ગણવામાં આવે છે આ બેઠક ઉપર ભૂતકાળની નજર કરીએ તો કાંતિભાઈ કચોરીયા લેખરાજ બજાણી ગોવિંદ પ્રજાપતિ રેખાબેન ત્રિવેદી ભાજપમાંથી વિજયી બન્યા હતા અને ગત વિધાનસભા ચૂંટણીમાં ભાજપ એ ઉતાવળ ની અંદર ટિકિટ ફાળવણી કરતા ભાજપને હારનો સામનો કરવો પડ્યો હતો.


































Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.